**ફોજદારી કેસ નંબર :–૩૮૧/'૧૫**

**આંક ૧ (ફરીયાદ )લગત હુકમ**

**૧.** તા.૧૦–૨–૨૦૧૮ ના રોજ ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસીઝ ઓથોરીટી, નામદાર ગુજરાત હાઈકોર્ટના પત્ર નંબર :–જીએસએલએસએ/૧૮૦/૨૦૧૮, તા.૨૩–૧–૨૦૧૮ અન્વયે સ્પે.સીટીંગ ગોઠવવા માટે નામદાર ગુજરાત હાઈકોર્ટ તેમજ નામદાર ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીના સરકયુલર નં.૩/૨૦૧૮, તા.૨૪–૧–'૧૮ મુજબ સદરહુ કેસ હાથ પર લેવામાં આવેલ છે.

**૨.** આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટ અને નામદાર ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીના ઉપરોકત પત્ર અન્વયે આજરોજ તા.૧૦–૨–૨૦૧૮ ના રોજ લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ છે. તે મુજબ નામદાર ગુજરાત હાઈકોર્ટ અને નામદાર સર્વોચ્ચ અદાલતના ડાયરેકશન મુજબ અદાલતોમાં કેસોની પેન્ડન્સી ઘટાડવા માટે અને નામદાર સર્વોચ્ચ અદાલતની વેબપોર્ટલ નેશનલ જયુડીશ્યલ ડેટા ગ્રીડ ઉપર જુના કેસો અને અતિશય કેસોનું પેન્ડન્સી હોવા બાબતે આ પેન્ડન્સી ઘટાડવા બાબતે અવારનવાર આ અદાલતને સુચના અને ડાયરેકશન આપવામાં આવેલ છે. હાલનો કેસ જૂનો કેસ છે અને આ કેસ ઘણાં સમયથી આ અદાલતના રેગ્યુલર ડેઈલી બોર્ડ પર મુકવામાં આવે છે, પરંતુ આ કેસ ફીઝીકલી નામદાર અદાલતના હાથ ઉપર ઓફીસ ધ્વારા મુકવામાં આવતો નથી. હાલના કેસને શોધી અને ટ્રાયલ અર્થે આ અદાલતના રેગ્યુલર બોર્ડમાં હાથ ઉપર મુકવા ઓફીસને અવારનવાર સુચના અને ડાયરેકશન આપવામાં આવેલા છે. હાલનો કેસ સેન્ચ્યુરીયન બેંક ઓફ પંજાબ/ એચ.ડી.એફ.સી.બેંક એવા ફરીયાદીના નામનો રજીસ્ટર્ડ થયેલો અને અમો સમક્ષ બોર્ડ ઉપર કોમ્પ્યુટર પ્રિન્ટમાં પ્રિન્ટ થયેલો કેસ મુકવામાં આવેલો છે, એટલે હાલનો કેસ ચાલુ હોય તે રીતે આ અદાલતના બોર્ડ ઉપર કચેરી ધ્વારા બોર્ડ બનાવી મુકવામાં આવે છે. આ કેસ સેન્ચ્યુરીયન બેંક ઓફ પંજાબ/ એચ.ડી.એફ.સી.બેંક ફરીયાદીનો હોય, ફરીયાદીના વિ.વ.શ્રી એન.જે.વડોદરીયા/પી.એમ.દવે તેમજ ફરીયાદી બેંકના પ્રતિનિધિ શ્રી સોહેલખાનનો સંપર્ક કરી આવા કેસોનું નિરાકરણ લાવવા જણાવેલ. આ અદાલતમાં ૧૬,૦૦૦/– ઉપરાંત કેસોની પેન્ડન્સી ભારણ હોય કેસોની પેન્ડન્સી ઘટાડવા ફરીયાદી બેંકના પ્રતિનિધિ તથા વકીલશ્રીને લોક અદાલત હોય સમજાવટ કરતાં ફરીયાદી બેંકના પ્રતિનિધિ અને વકીલશ્રીએ હાલના કેસ ઘણાં જૂના હોય આરોપીઓને આપેલ લોન સંદર્ભે વસુલાત/માંડવાળ થઈ ગયેલી હોય આવા કેસો નાહકના પેન્ડીંગ બતાવતાં હોય અને બોર્ડ પર મુકવામાં આવતાં હોય ફરીયાદી બેંકના પ્રતિનિધિ અને વકીલશ્રીઓએ આ કેસો બોર્ડ પરથી દૂર કરવા અને આજરોજની લોક અદાલતમાં મુકવા સંમતિ આપી આ સાથે સામેલ વીડ્રોઅલ પુરશીસ રેકર્ડ કર્યા મુજબ હાલનો કેસ સમાધાનથી માંડી વાળી ફેંસલ કરવા ફરીયાદ પક્ષે રજુઆત કરેલી છે તે રજુઆત તેમજ પેન્ડન્સી ઘટાડવા બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટ અને નામદાર સર્વોચ્ચ અદાલતના ડાયરેકશન મુજબ હાલનો કેસ આજરોજ પણ આ ઓફીસની રજીસ્ટ્રી ધ્વારા પ્રિસાઈડીંગ ઓફીસરશ્રી સમક્ષ ફીઝીકલ મુકવામાં આવતો નથી, પરંતુ પેન્ડન્સી ઘટાડવા આ કેસમાં વીડ્રોઅલ પુરશીસ ઉપર અને આંક ૧ ની ફરીયાદ ઉપર સમાધાનથી આ કેસ માંડી વાળી ફેંસલ કરવાનો હુકમ કરવો આ અદાલત ન્યાયોચિત માને છે, પરિણામે આ હુકમથી ફરીયાદીની પુરશીસ રેકર્ડ ઉપર લઈ આરોપીને ને.ઈ.એકટની કલમ ૧૩૮ મુજબનો ગુન્હો આ કાયદાની કલમ ૧૪૭ પ્રમાણે સમાધાનલાયક હોય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ ૩૨૦(૧)(૮) તથા ને.ઈ.એકટની કલમ ૧૪૭ સાથે વંચાણે લેતાં આરોપીને સદર સમાધાનના આધારે નિર્દોષ ઠરાવી છોડી મુકવા અને હાલનું કામ ફેંસલ કરવા આથી હુકમ કરવામાં આવે છે. હાલનું કામ કોમ્પ્યુટર ડેટા રેકર્ડમાંથી ડીસ્પોઝલ બતાવી કેસ બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે અને તે રીતે આ કચેરીની રજીસ્ટ્રીને આદેશ કરવામાં આવે છે કે હાલની પુરશીસ અને આંક ૧ નીચેનો હુકમ હાલનું કામ શોધી મુળ કામ સાથે મુકી ફેંસલ નિકાલ કરવા આદેશ કરવામાં આવે છે.

તા: ૧૦–૨–૨૦૧૮
સ્થળ:અમદાવાદ.

( દિપક સૂર્યકાંત ડાભી. )
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
ને.ઈ.એ કોર્ટ નં.૨૭, અમદાવાદ,
જજ કોડ નં. જીજે૦૧૦૧૮